આદર્શ શાળાઓ (મોડેલ ડે સ્કુલ)
-- સ્થળ પસંદગી બાબત..

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૪૧૦/૩૦૪/ક,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૯/૦૨/૨૦૧૨.

વંચાણે લીધોઃ-

૧. શિક્ષણ વિભાગનો તા. ૨૯/૧૨/૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૪૧૦/૩૦૪/ક,
૨. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણનો તા.૨૩-૨-૨૦૧૨નો પત્ર ક્રમાંકઃ પ્રાશિનિ/ચ-૧/મો.ડે.સ્કુલ/ટીએચપી/૨૦૧૧-૧૨/૫૧૬.

ઠ રા વ –

રાજ્ય સરકારે બાળકોના સર્વાંગી બૌધ્ધિક વિકાસ માટે આદિવાસી વિસ્તારમાં પાંચ તથા બિન આદિવાસી વિસ્તારમાં પાંચ એમ કુલ-૧૦ (દસ) સ્થળોએ આદર્શ શાળાઓ (મોડેલ-ડે-સ્કૂલ) સ્થાપવા માટે સને ૨૦૧૧-૧૨ના નાણાંકીય વર્ષ માટે આયોજન હેઠળ રૂ. ૨,૦૦,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા બે કરોડ )ની જોગવાઇ કરેલ છે. આ દસ આદર્શ શાળાઓ રાજ્યના કયા સ્થળે શરૂ કરવી તે બાબત વિચારણા હેઠળ હતી. રાજ્ય સરકારે રાજ્યના તમામ પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓના અભિપ્રાયોના આધારે નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ પાસેથી દરખાસ્ત મંગાવેલ. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ તરફથી મળેલ દરખાસ્ત પરત્વે કાળજીપૂર્વકની વિચારણા બાદ નીચે મુજબના સ્થળોએ આદર્શ શાળાઓ (મોડેલ-ડે-સ્કૂલ) શરૂ કરવાનું ઠરાવેલ છે.

આદિજાતિ વિસ્તાર માટે.

૧. નવાફળિયા, ગરબાડા, તા.ગરબાડા, દાહોદ.
૨. સેલંબા, તા.સાગબારા, જિ.નર્મદા.
૩. બાલચોડી તા.કપરાડા, જિ.વલસાડ
૪. ઉનાઇ તા.વાંસદા, જિ.નવસારી.
૫. ગુણસદા, તા.સોનગઢ, જિ.તાપી.

બિન આદિજાતિ વિસ્તાર માટે.

૬. ફીચોડ, તા.ઇડર, જિ.સાબરકાંઠા.
૭. કડીયાળીગામ, તા.રાજુલા, જી.અમરેલી.
૮. બાબરા, તા.સાંતલપુર, જિ.પાટણ.
૯. વાંઢાય તા.ભૂજ, જિ.કચ્છ.
૧૦. સુરજદેવળ, તા.ચોટીલા, જિ.સુરેન્દ્રનગર.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૨૮/૨/૨૦૧૨ની નોંધથી મળેલ સંમતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પોપટસિંહ વાઘેલા)
ઉપસચિવ(પ્રા.શિ.)
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર ધ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનલરશ્રી, રાજકોટ/અમદાવાદ.
- તમામ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રી. } નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિક/નગરપાલિકા. } નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત
- સબંધિત જીલ્લા તિજોરી અધિકારીશ્રી. } નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત
- પગાર અને હિસાબ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા., ગાંધીનગર.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(ઓન લાઇન મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી/સિલેક્ટ ફાઇલ